# સતગુર સલોકો

## પીર સદરદીન તથા

## પીર શમ્સ

સતગુર કહેરે,
નામ લિયા સો અતિ ઘણાં,
પણ પ્રેમ પીડા ન લાય,
એ તો ધૂળી ઉપર લીંપણા,
જેમ ફૂટા મંડલ બજાયરે.

સતગુર કહેરે,
પિયુ પિયુ કરતાં જો પિયુ મિલે,
અને સીર ઉપર ભરીયા ભાર,
જો મન ખેલે મોકળાં,
તો ભાંગી નાવ ન હોવે પારરે.

સતગુર કહેરે,

સતી થઈ તો કીયું રહી,
જો ન જલી પિયુજી કે લાય,
જા જા ન મૂઈ દોલડી,
પ્રેમ લાજ ન માંહેરે.

સતગુર કહેરે,

સીતા કારણ દુઃખ સહીયા,
દસ સીર દીયા કટાય,
પણ સચ્ચે સૂરિજન કેરે કારણે,
એક સીર દીયો નવ જાયરે.

સતગુર કહેરે,

બોલે બોલે લીજીએ,
અને પિયુને પીછાણ,
સીર સાટે જો પિયુ મીલે,
તો યે સોંઘા જાણરે.

સતગુર કહેરે,

સીર સાટા તો કીજીએ,
જો પિયુજી બીકાતા હોયે હાટ,
તો એક ક્ષણ વિલંબ ન કિજીએ
સર હાથે દીજે કાટરે.

સતગુર કહેરે,

સીર દીયા તો ક્યા હુઆ,
જો રદેહ ન ભીના જાણ,
કટકા કરે કાયા તણા,
તોય અજંપિયા જાપ વિના કુડા કામ રે.

સતગુર કહેરે,

સીર સાટા જો કીજીયે,
તો રેહેણી જગાઈએ આપ,
જીવ લગાઈએ ઝીકરસું,
તો સાચા સૂરિજન પાસરે.

સતગુર કહેરે,

અમારી પુકાર જે સાંભળે,
અને સાંભળે એકાંતે જાણ,
તે પાંચ હત્યાથી અલગા રહેવે,
ભાઈ તે માંહે અમારૂં ઠામરે.

સતગુર કહેરે,

અમે આવી તે માંહે બેસીયે,
અને બોતેર કોઠા માંહે થાય અવાજ,
રહેણી જાય તેની જાગતાં,
ત્યાં રચના ગિનાનની થાય રે.

સતગુર કહેરે,

અજંપિયા જાપ તેને ઘટ વસે,
અને કાયા માંહે થાય જંત્રીનો અવાજ,
ત્યાં બોતેર કોઠામાં તાલ તંબલ વાજે,
તેની ઘાત જાણે વીરલા કોઈરે.

સતગુર કહેરે,

તે જીવની જીભ અમતણી,
અને વસે તે આ સંસાર જ માંહે,
તેને બંધ બંધાણા અમ તણા
તેની ઘાત ન જાણે કોઈરે.

સતગુર કહેરે,

નાવ કીજે અલીકે નામ કી
અને માંહે સાચા ભરીએ ભાર,
પવન જો ચાલે પ્રેમકા,
તો સતગુર ઉતારે પારરે.

સતગુર કહેરે,

પ્રીત પિયાકી દોહેલી,
અને પ્રેમ પીડા હએ સુલ,
એ કનક કસોટી આપકું,
તો ચઉદા પાવે મુલ રે.

સતગુર કહેરે,

ઈશ્ક વાડીમાં ન નીપજે,
અને ઈશ્ક હાટે ન વેચાય,
ઈશ્ક તો હયડા માંહે નીપજે,
તે હઈડું કોરી ખાયરે.

સતગુર કહેરે,

પ્રેમ રસ અતિ રસ મીઠડા,
અને જે કોઈ દેખે ચાખે,
સ્વાદ જો પાવે સીર લગી,
તેનું હયડુ દેવે સાંખરે.

સતગુર કહેરે,

સોના વેચી સાજન લીજીએ,
અને મોતી કેરે મુલ,
વે સાજન કેમ છોડીયે,
ભાઈ લોકા કેરે બોલરે.

સતગુર કહેરે,

જેને કલેજે બાણ લાગ્યા નેહ તણા,
તેની દ્રષ્ટિ કેમ અવર જાય,
તેનું પિંડ ચાલે મીરત લોકમાં,
તેની સુરતી આકાશે જાયરે.

સતગુર કહેરે,

મીઠી દુનિયા સરવે દૂર કરો,
અને માયામાં ન લાવો જીવરે,
જનમ ગમાઈએ પ્રેમસું,
તો પામિયે સાચા પીવ રે.

સતગુર કહેરે,

માનખા અવતાર તું પામિયો,
પણ કાંઈ ન જાણ્યો મુગતિનો ભેદ,
માણક મોટો શું થયો,
જો અંતર ન પડીયો છેદરે.

સતગુર કહેરે,

દિદાર અમારો દોએલો,
અને રાતે જાગો લોક,
નિંદ્રા તેને શું કરે,
જે રાખે પીયાસું હેતરે.

સતગુર કહેરે,

દિલમાંહે દેવલ પુજીએ,
અને દિલ માંહે દેવ દુઆર,
દિલ માંહે મૌલા આપે વસે,
અને દિલ માંહે આપે દિદારરે.

સતગુર કહેરે,

જીસ ઘટ ઈમાન પરગટિયા,
તીસથી ગફલત હોવે દૂર,
તિયાં અંધારા શું કરે,
જીયાં સતગુર કેરા નૂરરે.

સતગુર કહેરે,

દિદાર અમારો દોયલો,
તે માંહે ઘાટીઉ છે અપાર,
એક એક ઘાટી માહે સોળ સોળ ચોક છે,
તે બીન ખમિયા ન આવે હાથરે.

સતગુર કહેરે,

પાંચ તત્વમાં સરદાર છે,
ભાઈ ખમિયા તેનું નામ,
જે ખમિયા રાખે દેહીમાં
તેને ત્યાં સહું ઊઠી કરે સલામરે.

સતગુર કહેરે,

ભલકા વાગે ભાવ કા,
અને પડે પ્રેમકા ઘાવ,
જો પીડા હોવે પ્રેમકી,
તો નઈણે નિંદ ન આયરે.

સતગુર કહેરે,

નિંદ બીચારી ક્યા કરે,
જો બંદા હોય હુશિયાર,
પિયુ પિયુ કરતાં રહેણી ગૂમાવે,
પછે હોવે પ્રભાતરે.

સતગુર કહેરે,

નિદ્રાં તો જમની દાસી જાણીએ,
અને કાયા કસીએ આપ,
પોતાની હકની કમાઈ કરીને ખાઈયે,
ભાઈ તો નિંદ્રા ન આવે પાસરે.